# ગઝલ

મનસુખ નારીયા

**.1.**

સંબંધોના મુલાયમ શ્વાસને સૌ ખોઈ બેઠા છે,
પરસ્પરમાં હવે વીશ્વાસને સૌ ખોઈ બેઠા છે.

નગરનું પીંજરું ફાવી ગયું છે સર્વ લોકોને,
સ્વયંની આંખથી આકાશને સૌ ખોઈ બેઠા છે.

બધા અંધારનો વીસ્તાર કરવામાં જ મશગુલ છે,
નગરના ચોકમાં અજવાસને સૌ ખોઈ બેઠા છે.

સ્વયં મારો જ પડછાયો નથી હું ઓળખી શકતો,
સમયની ભીડમાં સહવાસને સૌ ખોઈ બેઠા છે.

કહો છો, 'કેમ છો ?' ત્યારે મઝામાં હોય છે લોકો,
હ્રદયથી હર્ષ ને ઉલ્લાસને સૌ ખોઈ બેઠા છે.

અતીશય દુ:ખની ઘટના છતાં આવે નહીં આંસુ,
અહીં તો આંખની ભીનાશને સૌ ખોઈ બેઠા છે.

**.2.**

નામનાં લેબલ લગાવી ને ફરે છે સૌ અહીં,
નામને માટે જ તો જીવે મરે છે સૌ અહીં.

શ્વાસનો પહેલાં તો પરપોટો બનાવે છે બધા,
જીન્દગી આખી હવા એમાં ભરે છે સૌ અહીં.

જીન્દગીનો સૌ કરી આપે છે દસ્તાવેજ ને,
એક પાના પર મરણની સહી કરે છે સૌ અહીં.

સ્થાન ઘરના કોઈ ખુણામાં નથી રહેતું પછી,
મૌન થઈને ભીંતને ફોટો ધરે છે સૌ અહીં.

જન્મ શું છે, જીન્દગી શું છે, ખબર હોતી નથી,
સાવ ઓચીંતા જગતમાં અવતરે છે સૌ અહીં.

**.3.**

એમ જ હતું કે પીઠ ઉપર વાહ્વા' થશે,
ન્હોતી ખબર છાતી ઉપર ઓચીંતો ઘા થશે.

શ્વાસોની જ્યારે યંત્રમાંથી 'આવ–જા' થશે,
ત્યારે હયાતી એટલે ખાલી હવા થશે.

સ્હેજેય ગમતી હોય નહીં એવીયે બાબતે,
હૃદયથી 'ના' ને જીભથી તો 'હાજી–હા' થશે.

નીર્દોષ હોવાનો કશો આધાર છે જ ક્યાં ?
તેથી તને ગુના વગરની પણ સજા થશે.

અડધું નહીં પણ પુર્ણને માથે સવાગણું,
ક્યારેક એવા કામનું પરીણામ પા થશે.

**.4.**

ત્વચાનું આવરણ રાખી મને અંદરથી ઘેર્યો છે,
દીશાઓ સાવ ઉઘાડી, અમે તો શ્વાસ પહેર્યો છે.

હવા પણ ખુશનુમા લાગે છે એનું એક કારણ છે,
નથી આ ચીત્રમાં, આ તો હકીકતમાં જ દરીયો છે.

હવે બેચાર પળની આપણે ફરીયાદ શું કરવી ?
સમયનો એક આખો વારસો આમ જ ઉછર્યો છે.

શીખર પર છેક બીરાજી રહેલો એ જ માણસ તો–
જીવનની સર્વ બાબતમાં ઘણો ઉંડો ઉતર્યો છે.

અહીં તો આપણા હોવા–ન હોવામાં ફરક ક્યાં છે ?
જગતના એક ટોળામાં મને ખુદને ઉમેર્યો છે.

**.5.**

મારા પડછાયાને હું જોયા કરું
આ અગમ માયાને હું જોયા કરું.

સ્હેજમાં તુટી શકે છે દૃશ્ય આ–
કાચમાં કાયાને હું જોયા કરું.

સૌ ગગનચુંબી ઈમારતને જુવે,
એકલો પાયાને હું જોયા કરૂં.

રોશની સુરજની જુવે છે જગત–
સુર્યની છાયાને હું જોયા કરૂં.

રક્તનું અશ્રુમાં રુપાંતર થયું,
નેણ છલકાયાં ને હું જોયા કરૂં.

**.6.**

પ્રગટાવ્યો છે દીવો એમાં તેલ નથી, એ જોયું નહીં,
જીવતર એ કંઈ અંધારાનો ખેલ નથી, એ જોયું નહીં.

હાથ ન લાગે ત્યારે લોકો અવગણના કરવા લાગે,
પૈસો છે, એ કંઈ હાથોનો મેલ નથી, એ જોયું નહીં.

પોતાની જાતે પોતાને કોઈ નથી જોઈ શકતું,
દર્પણમાં દેખાતો ચ્હેરો ગેર નથી, એ જોયું નહીં.

બધી સવારો તલવારોની ધાર કાઢવામાં કાઢી,
આપણને તો કોઈ સાથે વેર નથી, એ જોયું નહીં.

દુનીયા કરતાં અલગ થવાની કોશીશમાં જીવતર કાઢ્યું,
તારામાં ને મારામાં કંઈ ફેર નથી, એ જોયું નહીં.

**.7.**

વાદળોમાં જે રીતે આકાર બદલાયા કરે,
માણસોમાં એ રીતે વહેવાર બદલાયા કરે.

જીત બદલાયા કરે ને હાર બદલાયા કરે,
એની એ તલવાર છે ને ધાર બદલાયા કરે.

જીન્દગીના બોજથી હળવાશ ક્યારે પામશું ?
એક ઉતારો તો બીજો ભાર બદલાયા કરે.

ખુદને જો બદલો નહીં તો કંઈ નહીં બદલી શકો,
આંખની સામે જ આ સંસાર બદલાયા કરે.

**.8.**

પ્રથમ જે એકડો ધુંટ્યો હતો આ એ જ પાટી છે,
હવે શોધી રહ્યો છું ક્યાં લગી મારી સપાટી છે.

તમે જેને ગણો છો ડાળ–પર્ણો–ફૂલ–ફળ–ફોરમ,
મને તો મૂળથી દેખાય છે એ ફક્ત માટી છે.

પદારથ એક છે, પણ સ્વાદમાં છે ભીન્નતા કેવી !
મળે તો હોય છે મીઠી, નહીંતર દ્રાક્ષ ખાટી છે.

કરું છું બંધ આંખો તોય પણ દેખાય છે સામે,
નજરમાં કોઈએ લોથલ સ્વરુપે યાદ દાટી છે.

ત્વચાને પણ તમે ખેંચી લીધી છે ફુંક મારીને,
મને તો એમ કે એ ફક્ત ઉપરની રુંવાટી છે.

**.9.**

પાણીનો પાત્ર જેવો આકાર થઈ શકે છે,
આકારને જો રેડો તો ધાર થઈ શકે છે.

વીશ્વાસ કેમ મુકે બીજા ઉપર, જે ખુદના
પડછાયાથી જ પોતે સંહાર થઈ શકે છે !

શું વેચવું ને શું નહીં, એની જ છું દ્વીધામાં,
બાકી તો અહીંયાં સઘળા વેપાર થઈ શકે છે.

ઉપર થયું છે કેવું ચણતર, નથી ખબર એ,
પાયાના પથ્થરો તો આધાર થઈ શકે છે.

ટહુકાની પાર જઈને ધબકે છે બીજ જેનો,
ફાડીને ભીંત વડમાં વીસ્તાર થઈ શકે છે.

**.10.**

હવામાં રંગ છે ને રુપ છે આકાર જેવું છે.
હવાનું ચીત્ર તો આકાશના વીસ્તાર જેવું છે.

મીલાવો હાથ તો કેવળ તમે એ કાળજી રાખો,
હવાને હાથ છે ને હાથને હથીયાર જેવું છે.

હવાના કોઈક પરપોટાનું અવલોકન કરી જોજો,
ભીતરમાં કેદ છે એ તત્ત્વમાં ધબકાર જેવું છે.

કરે છે રેતમાં પણ શીલ્પ એવી રીતથી જાણે,
હવાનાં ટેરવાંઓમાં કશુંક ઓજાર જેવું છે.

કોઈને ફુલ આપો તો અનુભવ થઈ શકે તમને–
હવાના ગર્ભમાં તો મ્હેકના અવતાર જેવું છે.

–મનસુખ નારીયા

કવીનું સર્જન : કાવ્યસંગ્રહ 'રજકણથી રક્તકણમાં' –પ્રથમ આવૃત્તી : 2003 – પાન : 100 – મુલ્ય : રુપીયા : 70 – પ્રાપ્તીસ્થાન : કવીના નીચેના સરનામેથી..


કવીસમ્પર્ક : 145 –શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત–395 006

ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273

ઈ–મેઈલ : vu2mnariya@yahoo.co.in



'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com ) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : નવમું – અંક : 292 – March 23, 2014

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@@@


More than 2,62,30,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 24,56,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 5,66,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com


@@@@@@@@@